મોડેલ આયુર્વેદ કોલેજને એમ્બ્યુલન્સ વાન આયોજન મંડળ આપશે

ગાંધીનગર, તા. ૨૮

મોડેલ આયુર્વેદ કોલેજ માટે જિલ્લા આયોજન મંડળ દ્વારા જિલ્લાની વિવેકાધીન ગ્રાન્ટમાંથી એમ્બ્યુલન્સ વાન ફાળવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

ગાંધીનગર (ઉ)ના ધારાસભ્ય ડૉ. સી.જે. ચાવડાના આગ્રહનો આજે જિલ્લાના પ્રભારી મંત્રી પરબતભાઈ પટેલે સ્વીકાર કરી આ એમ્બ્યુલન્સ ફાળવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ ઉપરાંત કલોલ અને ગાંધીનગર તાલુકાને જોડતા એક માર્ગના કામનો પણ સ્વીકાર કરવામાં આવ્યો છે.

આજે મળેલ બેઠકમાં સાંસદો દ્વારા સૂચવવામાં આવેલ વિકાસકામોમાં જે કામોના નકશા-અંદાજો રજુ થયા નથી તે વિભાગોના અધિકારીઓને કડક તાકીદ કરી અને ખુલાસો માંગવા પણ જણાવાયુ હતુ.

આ બેઠકમાં વિકાસના કામો તેની નિયત કરાયેલ સમય-મર્યાદામાં જ પૂર્ણ થાય તે જોવા માટે પણ ખાસ તાકીદ કરવામાં આવી હતી.

આ બેઠકમાં પેથાપુર નગરપાલિકા વિસ્તારમાં ઘનકચરાના નિકાલ માટે રૂ. ૧૦ લાખના ખર્ચે ડસ્ટબીન ખરીદવાનો પણ મહત્વનો નિર્ણય કરવામાં આવ્યો હતો.

આ બેઠકમાં કલોલ શહેરના વોર્ડ નં. ૧૧માં પૂર્વ વિસ્તારમાં ડૉ. આંબેડકર આરોગ્ય અને શૈક્ષણિક સંકુલના પ્રથમ માળે રૂ. ૧૫ લાખના ખર્ચે લાયબ્રેરી બનાવવાના કામને તેમજ કલોલ શહેરમાં વોર્ડ-૨માં ઓવરબ્રીજના છેડા પાસે બેકરીની સામે હાઈમાસ્ક ટાવર ઉભુ કરવાના કામને પણ મંજૂરી આપવામાં આવી છે.

આ બેઠકમાં શિક્ષણ, ગ્રામ્ય વીજળીકરણ, ભૂમિ સરંક્ષણ, ગ્રામ્ય રસ્તા તેમજ ભૂગર્ભ ગટરના કામો, પીવાના પાણીના કામો જેવા કામોને મંજૂરી આપવામાં આવી છે.

પાનખર - લીલાછમ્મ વૃક્ષોના પાકટતા પામેલ પીળા પાન ખરી પડે એટલે પાનખરનો પ્રારંભ... પાનખર પૃથ્વીનું પરમ સત્ય છે... પાન, પુષ્પના વૈવિધ્ય સુંદરતાના સ્વરૂપો બાદ પીળું પડતુ પર્ણ જેને ગ્રામીણ પરિભાષામાં ખરતું પાન અને શુસંસ્કૃત ભાષામાં પાકટતા તરીકે ઓળખાય છે... પાન ખરવા પ્રકૃતિનો નિયમ છે... બીજમાંથી વૃક્ષ અને પુનઃ વૃક્ષમાંથી બીજ... સનાતન સત્ય પૃથ્વીના તમામ તત્વોમાં પ્રતિબિંબિત થાય છે... પાટનગરમાં પાનખરનો અલૌકિક નજારો નજરે પડે છે... હરોળબંધ વૃક્ષોમાંથી પીળા પાન પડતા માર્ગનું રૂપ અને રંગ બદલાય છે... વહેલી સવારે તો માર્ગની બંને બાજુ પથરાયેલા પીળા પાન પ્રકૃતિના દિવ્ય દર્શન કરાવે છે...

સે-૬ થી ૮ માં ડામરના બદલે હવે સી સી રોડ બનાવવા માટે વિચારણા

ગાંધીનગર તા ૨૮

શહેરમાં માર્ગ સુધારણાની કામગીરી હાથ ધરવા માટે આયોજન કરાયુ છે.શહેરના નવા સેકટરોમાં આંતરિક માર્ગોની સુધારણાની કામગીરી બાકી છે. સે-૬ થી ૮ માં અંદાજિત રૂ ૫ કરોડના ખર્ચે માર્ગોને ચકાચક બનાવવા માટે આયોજન કરાયુ છે. પરંતુ આ મામલે ડામર રોડના બદલે સી સી રોડની કામગીરી હાથ ધરવા માટે પણ તંત્ર દ્વારા વિચારણા હાથ ધરવામાં આવી છે. જેને અનુલક્ષી તંત્ર દ્વારા સી સી રોડની કામગીરીને અનુલક્ષીને અંદાજો તૈયાર કરી દેવામાં આવ્યા છે. જો કે વિભાગના અધિકારીઓની બેઠકના અંતે સી સી રોડની કામગીરી સંદર્ભે નિર્ણય લેવાશે.

શહેરમાં માર્ગ સુધારણાની કામગીરી અન્વયે હજુ જુના સેકટરોના આંતરિક માર્ગો તેમજ નવા સેકટરોના પણ માર્ગોની કામગીરી પુર્ણ થઇ નથી. જુના

સેકટરોના આંતરિક માર્ગોની સુધારણા અન્વયે હવે ડામરના બદલે સી સી રોડ બનાવાશે

સેકટરોના આંતરિક માર્ગોની સુધારણાની દરખાસ્ત વિભાગ કક્ષાએ લાંબા સમયથી પેન્ડીંગ છે. જયારે નવા સેકટરોમાં સે -૬ થી ૮ ના રીંગ રોડનુ કામ પુર્ણ કરી દેવાયા બાદ હવે સેકટરોના આંતરિક માર્ગોની કામગીરી હાથ ધરવા માટે પણ આયોજન કરાયુ છે. જેમાં સે-૬ થી ૮ ના માર્ગોને અનુલક્ષી અંદાજિત રૂ ૫ કરોડના ખર્ચે પેવર કામ હાથ ધરવાનો નિર્ણય લેવાયો હતો. જો કે આ મામલે સેકટરોના આંતરિક માર્ગની સુધારણા અન્વયે સી સી રોડનુ કામ હાથ ધરાય તે માટે પણ વિચારણા કરવામાં આવી રહી છે. ડામર માર્ગના બદલે સી સી રોડનુ કામ હાથ ધરવા માટે પણ વિભાગ કક્ષાએ અભ્યાસ કરીને અંદાજ તૈયાર કરી વિભાગને સુપ્રત કરી દેવાયો છે. જેના અંતે આગામી દિવસોમાં માર્ગ મકાન વિભાગના ઉચ્ચ અધિકારીઓની બેઠકના અંતે આ મામલે આખરી નિર્ણય લેવાશે. જયારે સેકટરોના આંતરિક માર્ગોના ડામર કામના બદલે સી સી રોડ બનાવવા માટે પણ આયોજન કરાશે. વરસાદી દિવસો દરમિયાન ડામર રસ્તાઓનુ ત્વરિત ધોવાણ થતુ હોવાની ફરિયાદો પણ ઉઠવા પામે છે.જેને અનુલક્ષી સી સી રોડ બનાવવા માટે પણ આયોજન કરાશે.

પરીક્ષાર્થીઓની મુંઝવણ દુર કરવા ચાર કાઉન્સિલરોની નિમાયા

જિલ્લામાંથી અંદાજિત ૫૪ હજાર જેટલા વિદ્યાર્થીઓ ધો -૧૦ અને ૧૨ ની પરીક્ષા આપશે

ગાંધીનગર તા ૨૮

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા આગામી તા ૭ માર્ચથી બોર્ડની પરીક્ષાનુ આયોજન કરવામાં આવ્યુ છે. જયારે આ પરીક્ષામાં જિલ્લામાંથી અંદાજિત ૫૪ હજાર જેટલા વિદ્યાર્થીઓ ધો -૧૦ અને ૧૨ ની પરીક્ષા આપશે. વિદ્યાર્થીઓને પરીક્ષાના હાઉ દુર કરવા માટે તેમજ પરીક્ષાલક્ષી કોઇપણ પ્રકારની મુંઝવણ દુર કરવા માટે ખાસ કાઉન્સિલરોની નિમણુંક કરવામાં આવી છે. શિક્ષણતંત્ર દ્વારા આ હેલ્પલાઇન શરૂ કરી દેવામાં આવી છે.

બોર્ડની પરીક્ષાના આડે હવે માત્ર એક સપ્તાહનો સમય જ આડો રહ્યો છે. જયારે વિદ્યાર્થીઓ પરીક્ષાની તૈયારીમાં લાગી ગયા છે. વિદ્યાર્થીઓ અને વાલીઓમાં પરીક્ષાની ઉત્તેજના પ્રબળ બની છે. વિદ્યાર્થીઓને પરીક્ષા દરમિયાન કોઇપણ પ્રકારની મુંઝવણ વિદ્યાર્થીઓ મોટ શિરદર્દ ન બને તે માટે જિલ્લા શિક્ષણ તંત્ર દ્વારા કાઉન્સિલરોની નિમણુંક કરવામાં આવી છે. વિદ્યાર્થીઓ તેમજ વાલીઓને પરીક્ષાલક્ષી કોઇપણ મુંઝવણ હોય તો તેનુ ઘરે બેઠા નિરાકરણ આવી શકે તેવુ આયોજન કરાયુ છે. જિલ્લા શિક્ષણાધિકારીએ કાઉન્સિલરોની નિમણુંક કરી છે. જે અન્વયે વિદ્યાર્થીઓ કે વાલીઓને પરીક્ષાલક્ષી કોઇપણ મુંઝવણ કે ડર હોય તો રાકેશ ઉપાધ્યાય ૭૯૯૦૮૫૩૭૦૫, એસ ટી ચૌધરી ૭૦૧૬૦૯૨૧૭૧, સંજય રાવલ ૯૯૨૪૦૪૧૦૦૦ તેમજ સુરેશ પટેલનો ૯૪૨૬૩૪૮૭૯૩ પર સંપર્ક કરવા પણ જણાંવાયુ છે.

મનપાનો લાયસન્સ ઈન્સ્પેક્ટર બીજીવાર લાંચ લેતા ઝડપાયો

ગુમાસ્તા ધારાનું લાયસન્સ આપવા રૂ.૭ હજારની લાંચ માંગી હતી : એસીબીની ટીમે છટકુ ગોઠવીને જયેશ માંડવીયાને રંગેહાથ લાંચ સ્વીકારતા પકડયા

ગાંધીનગર, તા.૨૮

ગાંધીનગર મહાનગર પાલિકામાં ફરજ બજાવતા લાયસન્સ ઈસ્પેક્ટર જયેશ માંડવીયા આજે બીજી વાર એન્ટીકરપ્શન બ્યુરોની ઝપટમાં આવી ગયા છે. મળતી વિગત મુજબ અગાઉ પણ એકવાર એસીબીના ઝટકામાં આવી ચુકેલા જયેશ માંડવીયા આજે મહાનગરપાલિકાની કચેરી નીચે ચાની કીટલી પાસે લાંચ સ્વીકારતા રંગેહાથ ઝડપાઇ ગયા હતા. ગુમાસ્તાધારાનું લાયસન્સ લેવા અરજી કરનાર અરજદાર પાસેથી વ્યવહાર પેટે રૂ. ૭ હજારની લાંચની માગણી કરી હતી. લાંચ સ્વીકારતા જય ઝડપાઈ ગયેલા જયેશ માંડવીયા સામે ગુનો દાખલ કરીને ગાંધીનગર એસીબીએ તેની સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ગાંધીનગરની એક

કન્સ્લટન્સી એજન્સીમાં ફરજ બજાવતા કર્મચારીએ તેમના એક ગ્રાહકનો ગુમાસ્તાધારાનું લાયસન્સ મેળવવા ગાંધીનગર મહાનગરપાલિકા ખાતે જઈને તેમના ગ્રાહક વતી અરજી આપી હતી. ગુમાસ્તાધારાનું લાયસન્સ ઈશ્યુ કરવાના અનુસંધાને ગાંધીનગર મહાનગરપાલિકામાં લાયસન્સ ઈન્સ્પેક્ટર તથા ઈન્ચાર્જ શોપ ઈન્સ્પેકટરને તરીકે ફરજ બજાવતા જયેશ કાંતિલાલ માંડવીયા ફરિયાદી મળ્યા હતા. ગુમાસ્તાધારાનું લાયસન્સ ઈસ્યુ કરાવવું હોય તો રૂ.૭ હજાર વ્યવહાર પેટે આપવા પડશે તેમ કહીને જયેશ માંડવીયાએ લાંચની માગણી કરતા અરજદારે આ મામલે એસીબીનો સંપર્ક કરી ફરિયાદ નોંધાવી હતી. ગાંધીનગર એકમના એસીબી મદદનીશ નિયામક આશુતોષ પરમારના સુપરવિઝન હેઠળ તેમની ટીમના

● અનુસંધાન પાન-૭ પર

શહેરમાં સ્ત્રી પુરુષ જન્મ દરમાં હજુ અસમાનતા સમાજમાં માટે લાલબત્તી

શહેરમાં વર્ષ ૨૦૧૮માં પુરુષ જન્મની સામે ૧૭૫ સ્ત્રી જન્મની ઘટ : કુલ ૭૯૫૧ જન્મ સામે ૧૪૧૨ મૃત્યુ આ પૈકી પુરુષ મરણ ૮૪૦ અને ૫૭૨ સ્ત્રી મરણ નોંધાયા

ગાંધીનગર તા ૨૮

ગાંધીનગરમાં પણ સ્ત્રી પુરુષ જન્મ દર અને મૃત્યુ દરમાં ભારે અસમાનતા જોવા મળી રહી છે. બેટી બચાવો અને બેટી પઢાવોના સુત્રને સાર્થક કરવા સરકાર તેમજ સંસ્થાઓ દ્વારા પણ જીજાનથી પ્રયાસ કરવામાં આવી રહ્યા છે. આમછતા હજુ પણ સ્ત્રી જન્મ દરની સામે પુરુષ જન્મ દરનુ પ્રમાણ વધુ હોવાનુ ધ્યાને આવ્યુ છે. વર્ષ ૨૦૧૮ દરમિયાન ૪૦૬૩ પુરુષ જન્મ સામે ૩૮૮૮ સ્ત્રી જન્મ નોંધાયો છે. જયારે ૮૪૦ પુરુષ મરણ સામે ૫૭૨ સ્ત્રી મૃત્યુ થયા છે. શહેરમાં ૭૯૫૧ જન્મ સામે ૧૪૧૨ મરણ થયા છે.

ગાંધીનગરમાં વર્ષ ૨૦૧૮ દરમિયાન ૭૯૫૧ના જન્મ સામે ૧૪૧૨ ના મૃત્યુ થયા છે. જયારે વર્ષ દરમિયાન ૪૦૬૩ પુરુષ જન્મ સામે ૩૮૮૮ સ્ત્રી જન્મ નોંધાયો છે. સ્ત્રી જન્મની સાપેક્ષમાં પુરુષ જન્મનુ પ્રમાણ નોંધપાત્ર રીતે વધુ છે. જયારે મૃત્યુ દરમાં પણ પુરુષ મરણ ૮૪૦ ની સામે ૫૭૨ સ્ત્રી મૃત્યુ થયા છે. શહેર વસાહત મહામંડળના પ્રમુખ અરૂણ બુચે આ અંગે રજુઆતમાં જણાંવ્યા મુજબ સમાજમાં સ્ત્રી પુરુષના જન્મ અને મરણ દરની અસમાનતા લાલબત્તી સમાન છે. જેની ચિંતા સમાજ અને સરકારે કરવાનો સમય પાકી ગયો છે. શહેર વસાહત મહામંડળ

છેલ્લા આઠ વર્ષમાં સ્ત્રી-પુરૂષ જન્મ-મૃત્યુ દર

વર્ષ	પુ.મૃત્યુ	સ્ત્રી-મૃત્યુ	કુલ.	પુ.જન્મ	સ્ત્રી-જન્મ	કુલ જન્મ
૨૦૧૧	૭૦૫	૪૪૧	૧૧૪૬	૩૬૧૨	૩૦૧૭	૬૬૨૯
૨૦૧૨	૬૮૩	૪૧૬	૧૦૯૯	૩૬૬૩	૩૧૮૩	૬૮૪૬
૨૦૧૩	૭૦૩	૫૪૬	૧૨૪૯	૩૫૩૪	૩૧૨૯	૬૬૬૩
૨૦૧૪	૮૬૫	૫૫૦	૧૪૧૫	૪૦૮૯	૩૪૮૯	૭૫૭૮
૨૦૧૫	૮૯૭	૬૫૮	૧૫૫૫	૪૪૭૦	૩૮૯૩	૭૫૭૮
૨૦૧૬	૧૦૭૨	૮૩૩	૧૯૦૩	૪૩૦૯	૪૫૯૯	૯૩૭૪
૨૦૧૭	૧૦૪૨	૭૦૦	૨૪૯૨	૫૦૩૫	૪૩૦૯	૯૩૪૪
૨૦૧૮	૮૪૦	૫૭૨	૧૪૧૨	૪૦૬૩	૩૮૮૮	૭૯૫૧

● અનુસંધાન પાન-૭ પર

રાજ્યમાં ફરીથી ઠંડીનો તીવ્ર ચમકારો

ગાંધીનગર, તા.૨૮

ગાંધીનગર સહિત રાજ્યભરમાં ફરી એકવાર ઠંડીનું મોજુ ફરી વળ્યું છે. આજે મોટાભાગના વિસ્તારોમાં પારો ગગડી ગયો હતો. નલિયામાં લઘુત્તમ તાપમાન ફરી એકવાર ગગડીને ૧૦ ડિગ્રી સુધી પહોંચી ગયું હતું.

હવામાન વિભાગ દ્વારા જણાવવામાં આવ્યું છે કે, આગામી ૨૪ કલાક દરમિયાન રાજ્યમાં કોઇ મોટા ફેરફાર તાપમાનમાં થશે નહીં પરંતુ ત્યારબાદ લઘુત્તમ તાપમાનમાં બેથી ત્રણ ડિગ્રીનો વધારો થઇ શકે છે. હળવા વરસાદની સંભાવના પણ તંત્ર દ્વારા વ્યક્ત કરવામાં આવી છે.

સૌરાષ્ટ્ર, કચ્છ સહિતના વિસ્તારોમાં હળવો વરસાદ થઇ શકે છે. ઉત્તર ગુજરાતમાં પણ વરસાદ થઇ શકે છે જેમાં બનાસકાંઠા, સાબરકાંઠાનો સમાવેશ થાય છે. આજે અમદાવાદમાં લઘુત્તમ તાપમાન ગગડી જતાં ફરીવાર ઠંડીનો ચમકારો જોવા મળ્યો હતો.

રેત શિલ્પ કલા - ગાંધીનગરના પાદરે આવેલ સંસ્કૃતિ કુંજ ખાતે છેલ્લા દસ દિવસથી આરંભાયેલા વસંતોત્સવ દરમિયાન રાજ્ય સહિત દેશભરના શિલ્પ કલાકારો તેમજ હસ્તકલા કારીગરોએ સંસ્કૃતિ કુંજ ખાતે કલાકારી પ્રદર્શિત કરી હતી. જેમાં પોરબંદરના રેત શિલ્પ કલાકારે વિવિધ વિષયો પર રેત-શિલ્પથી કૃતિઓ બનાવી કલાપ્રેમીઓને મંત્રમુગ્ધ કરી દીધા હતા. વસંતોત્સવના અંતિમ દિવસે પણ આવી જ અદભૂત રેત-શિલ્પ કૃતિ બનાવી આ કલાકારે પાણી બચાવોનો સુંદર સંદેશ નાગરિકોને આપ્યો હતો....

કચ્છ અને ઉત્તર ગુજરાતમાં કમોસમી વરસાદની સંભાવના

રાજસ્થાનમાં અપર એર સાયક્લોનિક સિસ્ટમ આકાર પામી છે : ૩-૪ માર્ચે કમોસમી વરસાદ થશે

ગાંધીનગર, તા. ૨૮

રાજસ્થાન પર દરિયાની સપાટીથી ૧.૫૦ કિ.મી.ની ઉંચાઈએ અપર એર સાયક્લોનિક સરક્યુલેશન સર્જાયુ હોવાથી ૩ અને ૪ માર્ચ દરમ્યાન કચ્છ-સહિતના ઉત્તર ગુજરાત પંથમાં કમોસમી વરસાદના સંકેતો હવામાન વિભાગે આપ્યા છે.

હવામાન ખાતાએ જણાવ્યુ છે કે આ સિસ્ટમને કારણે હવામાનમાં પલ્ટો આવશે. વેસ્ટર્ન ડિસ્ટર્બન્સને લઈ સાઈક્લોનિક સિસ્ટમ સર્જાઈ છે. આ દરમ્યાન છુટા છવાયા વિસ્તારમાં વરસાદ પડશે ખાસ કરીને કચ્છમાં વરસાદ પડવાની પ્રબળ શક્યતાઓ છે.

આ ઉપરાંત ૩ માર્ચથી ઉત્તર ગુજરાતના વાતાવરણમાં પલટો આવશે. સાબરકાંઠા, બનાસકાંઠા સહિત કેટલાક વિસ્તારોમાં વરસાદ પડવાની શક્યતા છે.

હવામાન વિભાગના સૂત્રોનું માનીએ તો રાજયના અન્ય વિસ્તારોમાં વાદળછાયુ વાતાવરણ રહેશે જેના કારણે ફરી એકવાર ઠંડીનું પ્રમાણ વધી શકે છે.

હવામાન ખાતા તરફથી ઉનાળાની સિઝન ક્યારથી શરૂ થશે તે અંગે મૌન સેવવામાં આવ્યુ છે. હાલ ગુજરાતમાં ગરમી-ઠંડીના મિશ્રિત વાતાવરણને લઈ બેવડી ઋતુ જેવુ લાગી રહ્યુ છે.

સામાન્યતઃ શિવરાત્રિના પર્વે ઠંડી વિદાય લેતી હોય છે પણ હવામાનમાં આવી રહેલા આ બદલાવને કારણે ઠંડી વધશે તેમ મનાઈ રહ્યુ છે.

સ્લીપર સેલ, ભાંગફોડિયા તત્વની સામે રાજયમાં ચાંપતી નજર

શહેર સહિત રાજયમાં કોઇ અનિચ્છનીય ઘટના ન ઘટે તે માટે તંત્ર સજ્જ : વાહન ચેકીંગ, પેટ્રોલિંગ સહિતના પગલાં

ગાંધીનગર, તા.૨૮

પુલવામામાં આતંકી હુમલા બાદ ભારતે કરેલી એર સ્ટ્રાઇક બાદ સર્જાયેલી સ્થિતિમાં કોઇ આંતકી હુમલો ના થાય તે માટે સેન્ટ્રલ આઇબીએ ગુજરાત, મુંબઇ સહિતના પાંચ રાજયમાં હાઇ એલર્ટ જાહેર કરી દીધું છે. સેન્ટ્રલ આઇબીએ હાઇ એલર્ટ આપતાંની સાથે અમદાવાદ ક્રાઇમ બ્રાંચ સહિતની સુરક્ષા એજન્સીઓ સતર્ક થઇ ગઇ છે અને સ્લીપર સેલ તેમજ ભાંગફોડિયાં તત્ત્વો પર નજર રાખવાનું શરૂ કરી દીધુ છે. એટલું જ નહી, સરહદે તંગદિલી બાદ ગુજરાતમાં પણ સુરક્ષા એજન્સીઓ હાઇએલર્ટ પર રખાઇ છે. ખાસ કરીને અમદાવાદ શહેર સહિત રાજયભરમાં કોઇ અનિચ્છનીય ઘટના ના ઘટે તેની સલામતી માટે તંત્ર સજ્જ છે. વાહન ચેકીંગ, પેટ્રોલીંગ સહતના અસરકારક પગલાં અમલી બનાવી દેવાયા છે. શહેરના મોલ, બસસ્ટેન્ડ, રેલવે સ્ટેશન, ધાર્મિક સ્થળો તેમજ જાહેર જગ્યાઓ પર લોખંડી બંદોબસ્ત ગોઠવી દીધો છે. આ સિવાય પોલીસ સ્ટેશનની બહાર પણ ઇન્સાસ રાઈફલ અને બુલેટપ્રૂફ જેકેટ ધારી જવાનોને તૈનાત કરી દેવામાં આવ્યા છે. આંતકી હુમલાને લઈને દેશમાં હાઇ એલર્ટ આપી દેવામાં આવ્યું છે ત્યારે અમદાવાદમાં ૨૬.૭ જેવા હુમલાનું પુનરાવર્તન થાય નહીં તે માટે સુરક્ષા એજન્સીઓ સતર્ક બની છે.

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી.
એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
BRIDGESTONE
apollo go the distance
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૯૭૭૩૪૧૭૮૩૮, ૮૧૪૦૪ ૬૦૭૬૭ (W)

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
KisaN®
ashirvad
BENELAVE
DR.FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com